# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

***************************************************

1. દેશભરમાં આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી - પીએમ મોદીના નેતૃત્વમાં કોલકાતા ખાતે રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી કરાઇ.
2. પ્રધાનમંત્રીએ આજે કોલકાતામાં ત્રણ સ્વદેશી નિર્મિત નૌકા જહાજો - રાષ્ટ્રને સમર્પિત કર્યા.
3. આજે NEET-UG પુનઃપરીક્ષા- કડક સુરક્ષા વચ્ચે દેશભરમાં 22.79 લાખથી વધુ વિદ્યાર્થીઓ આપશે પરીક્ષા.
4. ક્રૂડ ઓઇલ લઈ ભારત આવી રહેલા ત્રણ ટેન્કરોએ હોર્મુઝ સામુદ્રધૂની સફળતાપૂર્વક પાર કર્યું.
5. ત્રિકોણીય ક્રિકેટ શ્રેણીમાં, ભારત A અને શ્રીલંકા A વચ્ચે આજે ફાઇનલ મુકાબલો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM YOG DAY

સમગ્ર વિશ્વ સહિત દેશભરમાં આજે ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષની વિષયવસ્તુ છે - વધતી ઉંમરની અસરોને રોકવા માટે યોગ.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોલકાતાના રેડ રોડ પર એક કાર્યક્રમમાં યોગ સત્રનું નેતૃત્વ કર્યું. આ પ્રસંગે બોલતા શ્રી મોદીએ કહ્યું કે, યોગ આપણને સંતુલિત જીવન જીવવામાં અને માનસિક સ્વાસ્થ્ય દ્વારા શારીરિક સ્વાસ્થ્યનો માર્ગ શોધવામાં મદદ કરે છે.

## બાઇટ – PM YOGA BENEFITS

# PREZ-JABALPUR-VISIT

મધ્યપ્રદેશના જબલપુરમાં ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ યોગ અભ્યાસ કર્યા.

રાષ્ટ્રપતિએ કહ્યું કે, યોગ ભારતની મહાન પરંપરાનું પ્રતીક છે, જે સ્વસ્થ, સંતુલિત અને અર્થપૂર્ણ જીવનનો માર્ગ બતાવે છે.

## BYTE: PREZ ON YOGA IMPORTANE

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને કહ્યું કે યોગ શારીરિક , માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટે અત્યંત ફાયદાકારક છે. કેન્દ્રીય અને રાજ્ય મંત્રીઓએ પણ યોગ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ શાંતિપથ ખાતે યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે નવી દિલ્હીમાં નેહરુ પાર્ક ખાતે, કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ નવી દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ ખાતે યોગ સત્રમાં ભાગ લીધો હતો.

સમગ્ર ઉત્તર પ્રદેશમાં વિશેષ યોગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલ આનંદીબેન પટેલે રાજભવન ખાતે યોગ કર્યા હતા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઝાંસીમાં યોગ સત્રનું નેતૃત્વ કર્યું હતું.

# PM-NAVY PLATFORMS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કોલકાતામાં સ્વદેશી રીતે નિર્મિત ભારતીય નૌકાદળના ત્રણ જહાજો - INS દુનાગિરી, INS સંશોધન અને INS અગ્રેય - રાષ્ટ્રને સમર્પિત કર્યા.

આ પ્રસંગે બોલતા, તેમણે કહ્યું કે જહાજ નિર્માણ ક્ષેત્રમાં ભારત એક નવા વિઝન સાથે આગળ વધી રહ્યું છે - જહાજ નિર્માણ અને સમારકામને રાષ્ટ્રીય મિશન તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે ભારત તેના સમગ્ર દરિયાઇ ઇકોસિસ્ટમને મજબૂત બનાવી રહ્યું છે અને સાગર માલા જેવી પહેલો આ વ્યાપક દ્રષ્ટિકોણનો ભાગ છે.

## BYTE: PM-MARITIME ECOSYSTEM

શ્રી મોદીએ વધુમાં કહ્યું કે આજે ભારતનું સંરક્ષણ ઉત્પાદન ઝડપથી વધ્યું છે અને આપણી સંરક્ષણ નિકાસ પણ અભૂતપૂર્વ ગતિએ વધી રહી છે.

## BYTE: PM-DEFENCE PRODUCTION

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, આ જહાજોનો નૌકાદળમાં સમાવેશ ભારતની દરિયાઈ ક્ષમતાઓના વિકાસમાં એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક સીમાચિહ્નરૂપ સાબિત થશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PRADHAN-NEET-UG-EXAM

સ્નાતક મેડિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે NEET પરીક્ષા આજે ફરી યોજાઈ રહી છે. 22 લાખ 79 હજારથી વધુ ઉમેદવારો પરીક્ષા આપી રહ્યા છે. આ પરીક્ષા દેશના 551 શહેરોમાં અને વિદેશના 14 શહેરોમાં લેવામાં આવી રહી છે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે યોજાનારી NEET-UG પુનઃપરીક્ષા માટે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી છે. તેમણે કહ્યું, પરીક્ષા માટે તમામ જરૂરીવ્યવસ્થા કરવામાં આવી છે.

BYTE: DHARMENDRA-PRADHAN-NEET

# SONOWAL - TANKERS

શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું કે, ત્રણ ભારતીય ધ્વજવાળા ટેન્કરો હોર્મુઝ સામુદ્રધૂની સફળતાપૂર્વક પાર કરી સ્વદેશ પરત ફરી રહ્યા છે. આ ટેન્કરો 94 ભારતીય ક્રૂ સભ્યો સાથે 8.6 લાખ મેટ્રિક ટનથી વધુ ક્રૂડ ઓઇલનું વહન કરી રહ્યા છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી સોનોવાલે જણાવ્યું કે, સરકાર ભારતના દરિયાઈ હિતોનું રક્ષણ કરવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. શ્રી સોનોવાલે કહ્યું કે, સરકાર તેના ખલાસીઓ અને ઉર્જા ક્ષેત્રની સલામતી સુનિશ્ચિત કરવા માટે તમામ એજન્સીઓ સાથે સંકલન કરી રહી છે

# VAISHNAW-RAJASTHAN VISIT

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, રાજસ્થાનના સરહદી વિસ્તારોમાં રેલ નેટવર્ક વિકસાવવાની યોજના ચાલી રહી છે.

બિકાનેરમાં લાલગઢ-સાબરમતી ટ્રેનને લીલી ઝંડી આપતાં તેમણે કહ્યું કે, આ પ્રોજેક્ટ લોકોને વધુ સારૂ રેલ જોડાણ પ્રદાન કરશે. એટલું જ નહીં પરંતુ રાષ્ટ્રીય સુરક્ષાને પણ મજબૂત બનાવશે.

તેમણે ઉમેર્યું કે, રાજસ્થાનમાં 76 હજાર કરોડથી વધુના રેલ પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે. શ્રી વૈષ્ણવ આજે જયપુરથી ખાટીપુરા-દરભંગા અમૃત ભારત એક્સપ્રેસને પણ લીલી ઝંડી આપશે.

# CAMEL DAY

કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે વિશ્વ ઊંટ દિવસ નિમિત્તે રાષ્ટ્રને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શેખાવતે કહ્યું કે, ઊંટ માત્ર આજીવિકાનું સાધન નથી, પરંતુ રાજસ્થાન અને ગુજરાતની સંસ્કૃતિ અને પરંપરાનું પ્રતીક પણ છે. ઊંટને રણનું વહાણ ગણાવતા તેમણે ઊંટના સંરક્ષણ માટે હાકલ કરી.

# CRICKET-INDIA-SRI-LANKA.

ત્રિકોણીય ક્રિકેટ શ્રેણીમાં, ભારત A અને યજમાન શ્રીલંકા A વચ્ચે ફાઇનલ મુકાબલો ચાલી રહ્યો છે. આ મેચ દામ્બુલા સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે.

શ્રીલંકા A એ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા સમાચાર મુજબ ભારત A એ 46 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 327 રન બનાવ્યા છે.

# US IRAN TALKS

અમેરિકાના ઉપપ્રમુખ જેડી વાન્સ સ્વિટ્ઝર્લૅન્ડ પહોંચ્યા છે, જ્યાં અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટો થવાની અપેક્ષા છે. શ્રી વાન્સે કહ્યું કે, બંને દેશો વચ્ચે પરમાણુ મુદ્દાઓ પર વાટાઘાટો માટે એક માળખું તૈયાર કરવામાં આવશે.

દરમિયાન, ઈરાની પ્રતિનિધિમંડળે કહ્યું કે, લેબનોનમાં ચાલી રહેલા સંઘર્ષને ઉકેલ્યા વિના વાટાઘાટો આગળ વધવી મુશ્કેલ બનશે.

ઈરાની પ્રતિનિધિમંડળનું નેતૃત્વ સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાકિર કાલિબાફ કરશે. તેમાં વિદેશમંત્રી અબ્બાસ અરાઘચી સહિત અનેક વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે. વાટાઘાટો શુક્રવારથી શરૂ થવાની હતી, પરંતુ લેબનોનમાં વધતા તણાવને કારણે વાટાઘાટો મુલતવી રાખવામાં આવી હતી.

# NORWAY-AI-BAN

નોર્વેની પ્રાથમિક શાળાઓમાં, જનરેટિવ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટૂલ્સનો ઉપયોગ લગભગ સંપૂર્ણપણે પ્રતિબંધિત મૂકવામાં આવી રહ્યો છે. મોટા બાળકોના શિક્ષણમાં પણ તેનો ઉપયોગ મર્યાદિત કરવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી જોનાસ ગાહર સ્ટોરે જણાવ્યું કે, AI ના ઉપયોગથી નાના બાળકોના શિક્ષણના મહત્વપૂર્ણ તબક્કાઓમાંથી ચૂકી જવાનું જોખમ વધારે છે.

નોર્વેની સરકારે, ટેસ્ટ સ્કોર્સમાં વ્યાપક ઘટાડાને ધ્યાનમાં રાખીને, 2024 થી શાળાઓમાં સ્માર્ટફોન પર પ્રતિબંધ મૂક્યો છે.